BOOK POST

**PRINTED MATTER**

# શ્રી દશા મોઢ ગોભવા જ્ઞાતિ યુવક મંડળ, અમદાવાદ.

કાર્યાલય : લાયબ્રેરીવાળા મકાનમાં (માણકેશ્વર મહાદેવની બાજુમાં) જગાભાઈ શેઠની પોળ, ઢાળની પોળ, આસ્ટોડીયા, અમદાવાદ-૧.

(૨૦૧૨)

**પ્રતિશ્રી,**

ટેલી નં.: ______________________ મો.નં.: ______________________

ફોર્મ નં. [ ] ઈ-મેલ : ______________________ તા.: ૨૯-૫-૨૦૧૨

**ચાલુ સાલે પાઠ્ય પુસ્તકોની ધોરણવાર અપાતી રકમ, ચોપડાઓ વગેરે આપવામાં આવનાર છે. જે અંગેનું ફોર્મ**

| અ. નં. | વિદ્યાર્થી / વિદ્યાર્થીનીનું નામ | ઉંમર / જાતિ/ પુ./સ્ત્રી | છેલ્લી કયા ધોરણની પરીક્ષા આપી | કયા ધોરણમાં આવ્યા | સ્કુલ / કોલેજનું નામ | માર્કસના ટકા / રેન્ક | પુસ્તકની રકમ | ફી બાળવર્ગથી ધો. ૪ તથા ધો.૮થી૧૧ રૂા.૧,૦૦૦/- દરેકને | ધો.૫ થી ૯ મેરીટ સ્કોલરશીપની રકમ રૂા. ૫૧/- | પોસ્ટ ગ્રેજ્યુએટ સ્કો. ની રકમ રૂા. ૧૦૧/- | ચોપડા નંગ | કલર પેન્સીલ/ પેન્સીલ-બોક્ષ / કંપાસ / બોલપેન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | | | | | | | |
| ૨ | | | | | | | | | | | | |
| ૩ | | | | | | | | | | | | |
| ૪ | | | | | | | | | | | | |
| | | | | | | કુલ્લે | | | | | | |

બેંક ઓફ ઈન્ડિયાનો તા. ____/____/૨૦૧૨ નો ચેક નં.______________ રૂા. ______________

(અંકે રૂપિયા ______________________ ) મળ્યો છે. લેનારની સહી______________

ફોર્મમાં સંપૂર્ણ અને સ્પષ્ટ વિગતો ભરવી. અપુરતી વિગતવાળુ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

કુલ્લે પુસ્તકોની રકમ વાર્ષિક ફી રૂા.૧,૦૦૦/- તથા ધો.૫ થી ૯ મેરીટ સ્કોલરશીપની રકમ તેમજ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્કો.ની રકમ સાથે

| | |
|---|---|
| કુલ્લે ચોપડા નંગ | |
| યુવક મંડળ : | |

| | |
|---|---|
| કુલ્લે કલર પેન્સીલ | |
| કુલ્લે પેન્સીલ બોક્ષ | |
| કુલ્લે કંપાસ | |
| કુલ્લે બોલપેન નંગ | |

**ફોર્મ ભરીને આપવાની તારીખ ૧૦ અને ૧૭ જૂન / ૮ અને ૨૨ જુલાઈ / ૧૨ અને ૨૬ ઓગસ્ટ ૨૦૧૨ને રવિવાર સવારે ૧૦-૩૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધીમાં જ્ઞાતિ કાર્યાલયમાં વ્યવસ્થા રાખેલ છે. આવેલ ફોર્મ ઉપર થતી રકમના ચેકો, ચોપડા વગેરે તે જ સમયે રૂબરૂ આવી મેળવી લેવાના રહેશે.**

**તો ફોર્મ સાથે અન્ય વિગતોની ઝેરોક્ષ નકલ સાથે ફી ભર્યાની પહોંચની પણ ઝેરોક્ષ નકલ સામેલ કરવા વિનંતી છે.**

| ધોરણ | બાળવર્ગ | ૧ થી ૪ | ૫ થી ૭ | ૮ થી ૧૦ | ૧૧-૧૨ | કોલેજ |
|---|---|---|---|---|---|---|
| રકમ રૂા. | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૨૦૦ | ૩૦૦ | ૩૦૦ |
| | કલર પેન્સીલ | પેન્સીલ બોક્ષ | કંપાસ બોક્ષ | | | બોલપેન |
| ચોપડા | ૩ | ૫ | ૧૦ | ૧૨ | | |

## -: સુચના અને માહિતી :-

(૧) ધો. ૯ સુધી પાસ થયાનું રજીસ્ટર બતાવવા માટે લાવશો અને ધો.૧૦ થી કોલેજ સુધી પાસ થયાની માર્કશીટની તેમજ ઉપરના ધોરણની ફી ભર્યાની પહોંચની ઝેરોક્ષ કોપી લાવશો.

(૨) ધો. ૧૦ પછી ટેકનીકલ ડીપ્લોમા કોર્સ સરકાર માન્ય મીનીમમ એક વર્ષનો હોય તેમને પણ કોલેજ મુજબ રકમ પુસ્તકો પેટે અપાશે.

(૩) આપના પાલ્યને સરકાર માન્ય સ્કુલ, કોલેજ, યુનિવર્સીટી કક્ષાએ ચાલુ સાલે કોઈ એવોર્ડ, સ્કોલરશીપ કે મેરીટ મેળવેલ હોય તો તેની વિગત ઉપરોક્ત સમયગાળા દરમ્યાન જ્ઞાતિ કાર્યાલયમાં રજુ કરવી.

(૪) બહારગામ રહેલા જ્ઞાતીજનો પોતાના અમદાવાદમાં રહેતા સગાઓને ઓથોરીટી લેટર સાથે કેળવણીના ફોર્મ મોકલી મંગાવી લે. બહારગામ વસતા જ્ઞાતિજનોએ તેમના ફોર્મ અમદાવાદ રહેતા તેમના સગાસંબંધી દ્વારા ઝેરોક્ષ નકલ સાથે નીયત સમયમાં જ મોકલી આપવા.

(૫) જ્ઞાતિ યુવક મંડળ તેમજ સ્વ. કનૈયાલાલ મોહનલાલ ઝવેરી (સ્વ. ચીમનલાલ છોટાલાલ ઝવેરીના પુત્ર) કાયમી કેળવણી ઉત્તેજક ફંડ તથા ખાનગી રાહત (અન્નક્ષેત્ર) યોજના તરફથી બાળવર્ગથી ધો. ૪ તથા ધો. ૮ થી ૧૧ માં અભ્યાસ કરતાં જ્ઞાતિના તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોને વાર્ષિક ફી પેટે રૂા. ૧,૦૦૦/- અથવા વાર્ષિક ફીની થતી રકમ એ બે માંથી જે રકમ ઓછી થતી હોય તેના ચેક ચાલુ સાલથી પુસ્તકોની રકમના અપાતા ચેકો સાથે આપવામાં આવશે.

(૬) ચાલુ સાલે સ્વ. પુરષોત્તમદાસ ગોરધનદાસ મહેતા મેમોરીયલ ફાઉન્ડેશન ટ્રસ્ટ તરફથી ધો. ૫-૬-૭માં અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થી ભાઈ બહેનોને વાર્ષિક ફી પેટે રૂા. ૧,૦૦૦/-ની રકમનો ચેક આવેથી આપવામાં આવશે.

(૭) ધો. ૧૨ તથા કોલેજના તમામ વર્ષમાં અભ્યાસ કરતાં દરેક વિદ્યાર્થી ભાઈ-બહેનોને અમદાવાદ દશા મોઢ ઘોઘવા એજ્યુકેશન ફંડ તરફથી વાર્ષિક ફી પેટે રૂા. ૧,૦૦૦/- અથવા વાર્ષિક ફીની થતી રકમ એ બે માંથી જે રકમ ઓછી થતી હોય તેના ચેક આપવામાં આવશે. જે અંગેના ફોર્મ જ્ઞાતિ કાર્યાલયમાંથી ડિસેમ્બર માસમાં રૂબરૂ મેળવી ૩૧ ડિસેમ્બર સુધીમાં બીજી ટર્મની ફી ભર્યાની પહોંચની તથા માર્કશીટની ઝેરોક્ષ કોપી સાથે ભરી આપી જવાના રહેશે.

(૮) ચાલુ સાલે સ્વ. પુરષોત્તમદાસ ગોરધનદાસ મહેતા તથા સ્વ. સુભદ્રાબેન પુરષોત્તમદાસ મહેતાના સ્મરણાર્થે શ્રી ચંદ્રકાન્તભાઈ પુરષોત્તમદાસ મહેતા તથા શ્રી ગિરિશભાઈ પુરષોત્તમદાસ મહેતા પરિવાર તરફથી જ્ઞાતિ યુવક મંડળ તરફથી અપાતા ધોરણવાર ચોપડા ઉપરાંત ૨૫% વધારાના ચોપડા ધો. ૫ થી કોલેજના વિદ્યાર્થીઓને આપવામાં આવનાર છે.

(૯) ધોરણવાર અપાતા કંપાસ, પેન્સીલ, કલર પેન્સીલ તથા બોલપેન સ્વ. દશરથભાઈ ચીનુભાઈ શેઠ તથા સ્વ. ઉષાબેન ચીનુભાઈ શેઠના સ્મરણાર્થે શ્રી દિપકભાઈ દશરથભાઈ શેઠ તરફથી કાયમી ધોરણે અપાય છે.

**ખાસ નોંધ :**

- સ્ટેશનરીના વધતા જતા ભાવ તથા વ્યાજની ઘટતી જતી આવકને અનુલક્ષીને દરેક કેળવણી વર્ષથી કેળવણી વિષયક અનુદાન પેટે રૂા. ૧૫,૦૦૧/-નું દાન આપનાર દાતાશ્રીનું નામ જે તે વર્ષના ફુલસ્કેપ ચોપડાનાં મુખ્યપત્ર પર છાપવામાં આવશે. ત્યારબાદના વર્ષોમાં પાછળના પુંઠા ઉપર તેમનું નામ છાપવામાં આવશે. આ અંગે આપને યોગ્ય સહકાર આપવા વિનંતી છે.

**ચાલુ સાલે જ્ઞાતિ યુવક મંડળને નીચેના દાતાશ્રી તરફથી સને ૨૦૧૨ તથા સને ૨૦૧૩ માટે ચોપડા છપાવવા માટે ડોનેશન મળેલ છે. જે બદલ જ્ઞાતિ તથા જ્ઞાતિ યુવક મંડળ દાતાશ્રીનો આભાર માને છે અને અન્ય જ્ઞાતિજનોને ડોનેશન આપવા વિનંતીપુર્વક હાર્દિક અપીલ કરે છે.**

- **સ્વ. ચૈતન્યબાળાબેન દશરથલાલ શેઠના સ્મરણાર્થે — રૂા. ૧૫,૦૦૦/-**
  **હ. શ્રી દિપકભાઈ દશરથલાલ શેઠ**
- **સ્વ. ચંદ્રલતાબેન દશરથલાલ શેઠના સ્મરણાર્થે — રૂા. ૧૫,૦૦૦/-**
  **હ. શ્રી ચિંતનભાઈ દિપકભાઈ શેઠ**

**ચાલુ સાલે જ્ઞાતિને ઉજાણી ફંડ ખાતે રૂા. ૫,૦૦,૦૦૦/- શ્રી બીપીનભાઈ વાડીલાલ મહેતાના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી મળેલ છે.**

**ચાલુ સાલે ખાનગી રાહત યોજના અન્વયે શ્રી મીહીરભાઈ રમેશચંદ્ર ચોકસી તરફથી આશરે રૂા.૧,૦૦,૦૦૦/-ના વધારાના અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.**

**ઉપર મુજબ ડોનેશન આપવા બદલ યુવક મંડળ દાતાશ્રીઓનો હાર્દિક આભાર માને છે અને અન્ય જ્ઞાતિજનોને ડોનેશન આપવા વિનંતી કરે છે.**


આપના સ્નેહાધીન

| | | | | |
|---|---|---|---|---|
| રોહિતભાઈ કે. શાહ | (૨૨૧૪૬૬૪૮) | - પ્રમુખ - | રાજુલભાઈ આર. ચોકસી | (૯૮૨૫૦૦૮૬૮૧) |
| અરવિંદભાઈ એમ. ચોકસી | (૯૪૨૭૬૦૭૯૭૬) | - ઉપપ્રમુખ - | અલ્કેશભાઈ આઈ. ચોકસી | (૯૮૨૫૩૬૬૬૩૧) |
| નિશીત બી. ચોકસી | (૯૮૭૯૪૯૮૭૬૫) | - માનદ્ મંત્રી - | આશિત એન. શાહ | (૯૮૯૮૧૨૦૦૧૫) |
| શ્રી દ.મો.ગો.જ્ઞાતિ, અ'વાદ | | | શ્રી દ.મો.ગો.જ્ઞા.યુ.મંડળ, અ'વાદ | |


R.Computers. ✆ : 25509633, 98988 61610

# શ્રી દશા મોઢ ગોભવા જ્ઞાતિ યુવક મંડળ, અમદાવાદ.

કાર્યાલય : લાયબ્રેરીવાળા મકાનમાં (માણકેશ્વર મહાદેવની બાજુમાં) જગાભાઈ શેઠની પોળ, ઢાળની પોળ, આસ્ટોડીયા, અમદાવાદ-૧.

પ્રતિ,
માનનીય જ્ઞાતિજન,
અમદાવાદ.

**જ્ઞાતિજનોના સંવર્ધન માટે આપના યોગદાન અંગે...**

માનનીયશ્રી,

સવિનય ઉપરોક્ત વિષયે આપશ્રીને જણાવવાનું કે આપણી જ્ઞાતિનાં સંવર્ધન માટે આપનાં પરિવાર તરફથી હંમેશા સકારાત્મક અભિગમ થકી સમયાંતરે યથાયોગ્ય પ્રદાન આપવામાં આવેલ તેનાં સર્વ જ્ઞાતિજનો સાક્ષી છે.

જ્ઞાતિ અને જ્ઞાતિ યુવક મંડળ દ્વારા ભાવી પેઢીનાં સર્વાંગી વિકાસમાં સહાયરૂપ થવા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિને વધુ વેગ મળે અને આગામી સમયમાં મહત્તમ જ્ઞાતિજનોને તેનો લાભ મળી શકે તે માટે જ્ઞાતિ મંડળના આર્થિક પાસાને વધુ સુદૃઢ બનાવવાના શુભઆશયથી સંસ્થાના વિવિધ કોર્પસફંડમાં વધારો થાય તે જરૂરી હોઈ વખતોવખત સૌને સહયોગ આપવા વિનંતી કરેલ અને પ્રાથમિક તબક્કે જ્ઞાતિના અગ્રગણ્ય મહાનુભાવશ્રીઓનો રૂબરૂ સંપર્ક સાધતાં જ્ઞાતિજનો તરફથી સારો આવકાર અને હકારાત્મક પ્રતિભાવ મળી રહેલ છે તેનો અમોને ગર્વ છે અને જણાવતા આનંદ થાય છે કે આ અનુસંધાને **હાલમાં,**

**ઉજાણી ફંડ ખાતે રૂા. ૫ લાખનું દાન સ્વ. શ્રી બિપીનભાઈ વાડીલાલ મહેતાના પરિવાર તરફથી કોર્પસફંડ તરીકે મળેલ છે.**

**ખાનગી રાહત યોજના અન્વયે શ્રી મીહીરભાઈ રમેશચંદ્ર સારાભાઈ ચોકસી તરફથી ચાલુ વર્ષે આશરે રૂા.૧,૦૦,૦૦૦/- ના વધારાના અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.**

આ દીર્ઘદૃષ્ટિ સમાન, પ્રેરણાત્મક અને અમુલ્ય આર્થિક સહયોગ બદલ જ્ઞાતિ તથા જ્ઞાતિ યુવક મંડળ હંમેશા આ દાતાશ્રીઓના પરિવારનું ઋણી રહેશે અને અન્ય જ્ઞાતિજનોને મહત્તમ દાન આપવા નમ્ર અપીલ કરીએ છીએ.

**આગામી સમયમાં જ્ઞાતિ લ્હાણાદારશ્રીઓના કુટુંબની માહિતીસભર ડિરેક્ટરીનું પ્રકાશન કરવામાં આવનાર છે. જેમાં જ્ઞાતિના શ્રેષ્ઠીઓનાં જીવનપરીચય, તેમની સવિશેષ માહિતી, ઉપરાંત સભ્યશ્રીઓએ વ્યવસાયિક, સામાજીક, કેળવણી, રમત, કલા વિગેરે ક્ષેત્રે મેળવેલ સફળતા, એવોર્ડ, ઉચ્ચ પદવી વિગેરે માહિતી સામેલ કરવાનું પણ પ્રાથમિક આયોજન છે. જેથી જ્ઞાતિપ્રથાથી અલિપ્ત થઈ રહેલ યુવાપેઢીને જ્ઞાતિના કર્મઠ મહાનુભાવોના પ્રેરણાત્મક સદ્‌કાર્યોની જાણકારી મળી શકે અને સૌ જ્ઞાતિજનોના ગૌરવસમાન ઐતિહાસિક સિધ્ધી ગણી શકાય તેના અમુલય યોગદાનથી સૌને સુમાહિતગાર કરી શકાય. આ હેતુને સફળ બનાવવા નીચે જણાવેલ વિગતોને લક્ષમાં લઈ યથાયોગ્ય જાહેરાત આપી સહભાગી થવા આપને અમારી નમ્ર વિનંતી છે.**

| જાહેરાત માટેની વિગત | કોમર્શીયલ | શુભેચ્છક | શ્રધ્ધાંજલિ | કલર |
|---|---|---|---|---|
| ટાઈટલ પેઈજની અંદરનું આખુ પાનું નં.૨ | રૂા. ૧,૦૦,૦૦૦ | રૂા. ૧,૦૦,૦૦૦ | - | ફોર કલર |
| ટાઈટલ પેઈજની પાછળનું આખુ પાનું નં.૪ | રૂા. ૭૫,૦૦૦ | રૂા. ૭૫,૦૦૦ | - | ફોર કલર |
| ટાઈટલ પેઈજની અંદરનું આખુ પાનું નં. ૩ | રૂા. ૫૦,૦૦૦ | રૂા. ૫૦,૦૦૦ | - | ફોર કલર |
| ફુલ પેઈજ આખુ પાનું | રૂા. ૨૫,૦૦૦ | રૂા. ૧૫,૦૦૦ | રૂા. ૭,૫૦૦ | ફોર કલર |
| હાફ પેઈજ | રૂા. ૧૨,૫૦૦ | રૂા. ૭,૫૦૦ | રૂા. ૪,૦૦૦ | ફોર કલર |
| ફુલ પેઈજ આખુ પાનું | રૂા. ૧૦,૦૦૦ | રૂા. ૭,૫૦૦ | રૂા. ૫,૦૦૦ | બ્લેક એન્ડ વ્હાઈટ |
| હાફ પેઈજ | રૂા. ૫,૦૦૦ | રૂા. ૩,૦૦૦ | રૂા. ૨,૫૦૦ | બ્લેક એન્ડ વ્હાઈટ |
| ૧/૪ પેઈજ | વંશાવલી રૂા. ૧,૦૦૦ | | રૂા. ૧,૦૦૦ | બ્લેક એન્ડ વ્હાઈટ |

સામાજીક ઉત્થાનની આ પ્રક્રિયાથી જ્ઞાતિની વિકાસયાત્રાને ઝડપથી આગળ ધપાવવા અને સંસ્થાના કાયમી ભંડોળ વધારવાના આ ભગીરથ કાર્યમાં આપશ્રીને આધારસ્તંભ બનવા અમારી નમ્ર વિનંતી છે. અમને શ્રધ્ધા છે કે, જ્ઞાતિના ઉત્કર્ષ માટેની પરંપરા મુજબની આ દૂરંદેશી વિચારશૈલી માટે જ્ઞાતિના શ્રેષ્ઠીઓમાં આપના દ્વારા મળનાર પ્રદાન સૌને માટે પ્રેરણાસ્તોત્ર બની રહેશે અને ઈશ્વરીયશક્તિ થકી આગામી સમયમાં સૌના સથવારે આપણી જ્ઞાતિ સફળતાના નવા સિમાંકનો સર કરી શકશે.

આપના સહકારની અપેક્ષા સહ,

**આપના સ્નેહાધીન**

**રોહિતભાઈ કે. શાહ (૨૨૧૪૬૬૪૮) - પ્રમુખ - રાજુલભાઈ આર. ચોકસી (૯૮૨૫૦૦૮૬૮૧)**
**અરવિંદભાઈ એમ. ચોકસી (૯૪૨૭૬૦૭૯૭૬) - ઉપપ્રમુખ - અલ્કેશભાઈ આઈ. ચોકસી (૯૮૨૫૩૬૬૬૩૧)**
**નિશીત બી. ચોકસી (૯૮૭૯૪૯૮૭૬૫) - માનદ્ મંત્રી - આશિત એન. શાહ (૯૮૯૮૧૨૦૦૧૫)**
**શ્રી દ.મો.ગો.જ્ઞાતિ, અ'વાદ** **શ્રી દ.મો.ગો.જ્ઞા.યુ.મંડળ, અ'વાદ**